સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

જૂન માસ

# અહમશૂન્ય માસ

## Family Time સભા - 3

## કાર્યક્રમ મટીરીયલ

# મહિમા વર્ષ

ઉપક્રમે

# અહમશૂન્ય માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

(1) હું, મેં, મારું, મને અને મારે આ પાંચ શબ્દોનો રોજબરોજના જીવનમાં ઉપયોગ ન જ કરવો.

(2) દરેક ક્રિયામાં પોતાનું કર્તાપણું ભૂલી મહારાજને કર્તા કરવા-કર્તા સમજવા.

# ❖ અહમશૂન્યતા...

1. હું કશું જ નથી અને એ સંપૂર્ણ છે. આ બે ભાવ ભેગા થાય તો પ્રાર્થના થાય જ. આવી પ્રાર્થના કરતાંની સાથે જ હળવાફૂલ થવાય. અહમ્ શૂન્ય થઈ જવાય. કારણ જે કાંઈ ભાર છે તે અહમ્ નો છે. કોઈનો અભાવ-અવગુણ, ઉદ્વેગ, અશાંતિ, મૂંઝવણ... આ બધું શાનું છે...? તો, આપણા અહમ્ નું... અહમ્ શૂન્ય થવાય તો હળવાફૂલ થવાય જ.

2. મહારાજ અને મોટાપુરુષ કોની ઉપર કૃપા કરે છે ? કોને કલ્યાણની ચાવી સોંપે છે ? કોને કલ્યાણકારી ગુણો આપે છે ? તો હું નથી કરતો, મહારાજ અને મોટાપુરુષ જ કરે છે - આવી સમજણનો દ્રઢાવ હોય એને. કલ્યાણકારી ગુણો એ શીખવાની-મથામણ કરવાની વસ્તુ નથી. વલખાં મારવાથી ગુણ ન આવે. કલ્યાણકારી ગુણ એ કેવળ કૃપાનું જ પરિણામ છે. જેટલી અહમ્-શૂન્યતા વિશેષ તેટલો કલ્યાણકારી ગુણોનો આશીર્વાદનો ધોધ વિશેષ.

**થઇ ગરીબને ગરજવાન, શિષ્ય થઇ રહે સર્વેનો રે...**
**મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે...**
**એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;**
**સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે...**

**અહમશૂન્ય માસ નિમિતે ઠાકોરજી જમાડતા પહેલા સૌ હરિભક્તોએ આ પંક્તિનું મનન કરવું.**

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

# દાસ થાવું રે, સૌના દાસ થાવું...


**(રાગ : ગિરધારી રે સખી, ગિરધારી...)**

દાસ થાવું રે, સૌના દાસ થાવું;
શ્રીજીને રીઝવવા કાજે(૨), દાસના દાસ થાવું...૦ટેક
મહિમા સમજવાથી, સૌના દાસ તો થવાય;
મહારાજના સૌ મુક્તો સમજ્યે(૨), ગુણ તો ગવાય...૦૧
નાના થયા વિના કદી, મોટાઈ ન મળે;
સૌ મોટા હું ન્યૂન સમજે(૨), કામ તો સરે...૦૨
સેવા સૌની કરે રાખો, નીચી ટેલ તણી;
મળે જ ક્યાંથી સેવા મુને(૨), કૃપા થઈ ઘણી...૦૩
નિર્માની થઈ રાજી કરવા, સત્સંગમાં આવ્યો છું;
તપાસવું કે બે ગુણ મળતા(૨), 'હું'કારમાં ફરું છું...૦૪
રાજીપાની ભૂખ જગાવો, સહન સૌનું થાશે;
દાસાનુદાસ થઈ સત્સંગમાં(૨), સુખ બહુ પમાશે...૦૫
મનનું ગમતું મૂકી, સાવ સરળ બનો;
પાણીમાં ધ્રો નમી જાય(૨), તેમ સૌને ગમો...૦૬
અભાવ, અવગુણ, અમહિમાથી, દાસત્વ તો જાય;
ગુણ સૌના લેતાં લેતાં(૨), હર્યાભર્યા થવાય...૦૭
દુભાય કોઈ વાણી-વર્તને, એ તો અભિમાન;
ગર્વગંજન સીધા કરે(૨), શ્રીહરિ ભગવાન...૦૮
નાના મોટા સૌની આગળ, હારી રાજી થાશું;
જીતીને જો ફૂલ્યો ફરે તો(૨), નક્કી લૂંટાઈ જાશું...૦૯
રસબસભાવે મૂર્તિમાં રહેવું, દાસપણું તે કહાવે;
મૂર્તિમાં નિમગ્ન છતાં તે(૨), સૌનો સેવક રહાવે...૧૦

આવો

## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ

# અહંકાર મુક્તિથી દુઃખ મુક્તિ



ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણી

દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.

પામીએ પ્રેરણા



## દાસત્વભાવની ચરમસીમા એટલે

# ગુરુદેવ પ.પૂ. બાપજી

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજીનું ડાકોરમાં વિચરણ હતું. રસ્તામાં એક જગ્યાએ ગુરુદેવ પ.પૂ. બાપજીને લઘુ કરવા જવાનું હોવાથી ગાડી ઊભી રખાવી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ લઘુ કર્યા બાદ બાજુમાં જ થોડે દૂર અન્ય સંસ્થાનું સ્વામિનારાયણનું મંદિર જોયું.

સાંજનો ચાર વાગ્યાનો સમય થયો હતો. ઠાકોરજીના ઉત્થાપનનો સમય હતો એટલે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંતોને કહ્યું, “ચાલો, આપણે ઠાકોરજીના દર્શન કરતા જઈએ.”

ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગાડી મંદિરના પ્રવેશદ્વારમાં પ્રવેશી. ત્યાં બહાર ઓટલા પર સંત બેઠા હતા.

તેમણે ગાડી પર 'સ્વામિનારાયણ મંદિર, ઘનશ્યામનગર' નામ વાંચતા જ હરિભક્તોને ઠાકોરજીના પડદા બંધ કરવા કહ્યું અને જેમ તેમ બોલવા લાગ્યા, “તમે તો વિમુખ છો, આમ છો, તેમ છો. અમારું મંદિર અભડાવ્યું.” આવું તો ઘણું બોલવા લાગ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીની સાથે હરિભક્તો હતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી માટે જેમ તેમ શબ્દો બોલાતા જોઈ તેઓ કેમ સહન કરી શકે ?! આથી તેઓ પેલા સંતને રોકવા માટે જતા હતા ત્યાં જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને રોકી દીધા.

હરિભક્તો અકળાઈ ઉઠ્યા. તેમ છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને એક ડગલું પણ આગળ ન જવા દીધા અને ગાડીમાં બેસી જવા કહ્યું અને એક પણ શબ્દ બોલ્યા વિના મંદિરના કેમ્પસમાં-ચોકમાં ઠાકોરજીને પાંચ દંડવત કરી, ગાડીમાં બેસી મંદિરની બહાર લઈ લીધી.

આહાહા...!!! કેવું એ દિવ્યપુરુષનું નિર્માનીપણું છે...

## મનનીય પ્રશ્નો

**1. આપણી ભૂલ બદલ કોઈ રોકટોક કરે ત્યારે કેવા વિચાર આવે છે ? કેવી પ્રતિક્રિયા થાય છે ?**

**2. ગુરુદેવ બાપજી જેમ અહમશૂન્યતા કેળવવા શું કરવું પડશે ?**

**3. કોઈ રોકટોક કરી ભૂલ બતાવી શકે તે માટે મારું વર્તન, વાણી, વ્યવહાર કેવો રાખવો પડશે ?**

**4. માનનું ખંડન થાય, દેહભાવને ઘસારો આવે ત્યારે કેવા વિચારથી પાછા વળીશું ?**

# સત્સંગ પરીક્ષા - ૨૦૨૨


## બાળ સત્સંગ પરીક્ષા - 2022




- બાળ સત્સંગ પરીક્ષા તા. 31-07-2022ને રવિવારના રોજ બાળમંડળમાં બાળસભાના સમયમાં લેવાશે.
- પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 10-06-2022 છે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 31 જુલાઈ 2022, રવિવાર | નિત્યનિયમ પુસ્તિકા - નવમી આવૃત્તિ (પેજ નંબર : 7 થી 34) | 50 ગુણ (MCQ 25 ગુણ) | 1 કલાક |

## કિશોર-યુવા સત્સંગ પરીક્ષા - 2022




- કિશોર-યુવા સત્સંગ પરીક્ષા તા. 24-07-2022ને રવિવારના રોજ બપોરે 2 થી 4:30 દરમ્યાન પરીક્ષા સ્થળ પર લેવાશે.
- પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 10-06-2022 છે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 24 જુલાઈ 2022, રવિવાર (એકાદશી) | મુમુક્ષુતા-2 પુસ્તક ચેપ્ટર :- 2 થી 5 (પેજ નંબર : 13 થી 113) | 100 ગુણ (MCQ 50 ગુણ) | 2:30 કલાક |

## નોંધ :

(1) 15 વર્ષ સુધીના બાળકોએ બાળ સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.
(2) 15 વર્ષથી ઉપરના મુક્તોએ કિશોર-યુવા સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.
(3) બંને પરીક્ષાની પુસ્તિકા સંસ્થાના તમામ બુકસ્ટોલ પરથી મળશે.